સત્યમેવ જયતે

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૦૨/૦૮/૨૦૧૮.

**// અધિસૂચના //**

**ક્રમાંક:આઇસીડી-૧૦-૨૦૧૮-૧૧૬૭-બ૧**

મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ, ગુજરાત રાજયની સંકલિત બાળ વિકાસ સેવામાં, નાયબ નિયામક વર્ગ-૧ની સીધી ભરતીની કુલ-૩ (ત્રણ) જગ્યા ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક:૫૪/૨૦૧૬-૧૭ અન્વયે લેવાયેલ નાયબ નિયામક વર્ગ-૧ની જગ્યાઓ માટેની સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે પસંદ કરાયેલ ૩ (ત્રણ) ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ નીચે કોષ્ટકમાં દર્શાવેલ ૩ (ત્રણ) ઉમેદવારોને તેઓના નામ સામે દર્શાવેલ નીચેના કોષ્ટકના કોલમ-૪ સામે દર્શાવેલ સ્થળ પર નીચે દર્શાવેલ શરતોને આધીન તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે વિગતવાર નિમણૂંક આપવામાં આવે છે.

| ક્રમ | ઉમેદવારનું નામ/ સરનામું | મેરીટ ક્રમાંક | હોદ્દો અને નિમણૂકનું સ્થળ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | સુશ્રી અંકુર પ્રણવકુમાર વૈદ્ય<br>એ-૧, શિવકૃપા સોસાયટી,<br>વૃંદાવન સોસાયટી પાછળ,<br>વિદ્યાનગર રોડ, આણંદ-૩૮૮૦૦૧ | ૧ | નાયબ નિયામક<br>કમિ.મહિલા અને બાળ વિકાસની પ્રાદેશિક કચેરી (ICDS), રાજકોટ |
| ૨ | સુશ્રી વાસવી શ્યામલ શેનગુપ્તા<br>એમ/૧૮૧૯, શુભાસ નગર,<br>જીએચબીમ, આઇઓસી રોડ,<br>લાઇફ કેર હોસ્પિટલ પાસે, ચાંદખેડા<br>અમદાવાદ-૩૮૨૪૨૪ | ૨ | નાયબ નિયામક<br>કમિ.મહિલા અને બાળ વિકાસની પ્રાદેશિક કચેરી (ICDS), સુરત |
| ૩ | સુશ્રી ઇલાબા રાજેન્દ્રસિંહ રાણા<br>કે/ઓ આર.બી. રાણા<br>૧૬૦-૪ ગ ટાઇપ<br>શોપીંગ સેન્ટર પાસે, સેક્ટર ૧૯,<br>ગાંધીનગર -૩૮૨૦૧૦ | ૩ | નાયબ નિયામક(યોજના)<br>કમિ.મહિલા અને બાળ વિકાસની કચેરી (ICDS), ગાંધીનગર |

(૧) આ ઉમેદવારોએ અધિસુચનાની તારીખથી દિન-૧૫માં આપેલ નિમણૂંક ઉપર હાજર થવાનું રહેશે. નિયત સમય મર્યાદામાં હાજર નહીં થનારના હુકમો રદ થવાને પાત્ર બનશે. નાયબ નિયામક વર્ગ-૧ નો હવાલો સંભાળવાની તારીખને નોકરીમાં જોડાયા તારીખ ગણવામાં આવશે.

(૨) આ ઉમેદવારોએ નિમણૂંક વાળી જગ્યાએ હાજર થતાં પહેલાં આ અગાઉ સરકારી કે અર્ધસરકારી સેવા બજાવી હોય તો અગાઉની નોકરી છોડીને તેમને સેવામાંથી ફરજ મુકત/છુટા કરવામાં આવ્યા છે તે મતલબનો હુકમ રજુ કરવાનો રહેશે.

(૩) તેઓએ વિગતવાર નિયુક્તિવાળી જગ્યા પર હાજર થતા પહેલા સચિવશ્રી(મ.બા.વિ.) સમક્ષ તાત્કાલિક સ્વખર્ચે હાજર થવાનું રહેશે અને આ વિભાગને તાત્કાલિક અહેવાલ મોકલવાનો રહેશે. તેઓએ કચેરી ખાતે હાજર થયાની તારીખથી (૨) બે વર્ષ માટે અજમાયશી ધોરણે ગુજરાત રાજયની સંકલિત બાળ વિકાસ સેવામાં, નાયબ નિયામક વર્ગ-૧ તરીકે ફરજો બજાવવાની રહેશે. તેઓને કચેરી ખાતે હાજર થયાની તારીખથી Pre Revised: Pay Band Rs.15600-39100 + Rs.6600 Grade Pay, Revised: Level-11 in Pay Matrix ના પગાર ધોરણમાં ન્યૂનત્તમ તબક્કે મળવાપાત્ર પગાર અને ભથ્થાઓનો ખર્ચ નિમણૂકવાળી જગ્યાની કચેરીની ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે અને મેળવવાનો રહેશે.

(૪) તેઓએ વિગતવાર નિયુક્તિવાળી જગ્યા પર હાજર થતા પહેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩-૧૨-૮૬ના પરિપત્ર ક્રમાંક: સીડીઆર/૧૧૮૬/યુ.ઓ./૨૨૪૪/ગ.(૨) થી ઠરાવ્યા મુજબના સોગંદ લેવાના રહેશે.

(૫) તેઓની આ નિમણૂક સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨-૦૧-૭૦ના પરિપત્ર ક્રમાંક: પીએસી/૧૦૬૮ /જી, ની જોગવાઈ અનુસાર સંબંધિત સત્તાધિકારીઓ તરફથી મેળવવાના રહેતા પ્રમાણપત્રો જેવા કે ચારિત્ર્ય, વર્તણૂક અને પૂર્વવૃતાંત અંગેના પ્રમાણપત્રમાં કશું વિરુધ્ધ નહીં હોવાની શરતોને આધીન રહેશે. તેઓએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯-૦૯-૧૬ના પરિપત્ર ક્રમાંક:વીસીએ/૧૦૨૦૧૬/૪૨૯૫૪૭/ગ.૨ તથા વખતો-વખતની અન્ય સૂચનાઓની જોગવાઇ અનુસાર સંબંધિત સત્તાધિકારીઓ પાસેથી મેળવવાના રહેતા ચારિત્ર્ય, વર્તણૂક અને પૂર્વવૃત્તાંત પ્રમાણપત્ર નિયમાનુસાર રજુ કરવાનાં રહેશે. જેમાં કોઇ વિરૂધ્ધ બાબત ધ્યાને આવશે તો તેઓની આ અજમાયશી નિમણૂક કોઇ પણ પ્રકારની નોટીસ વગર સમાપ્ત કરવામાં આવશે.

(૬) તેઓની આ નિમણૂક તેમના શારીરિક યોગ્યતાના અંગે સ્થાયી તબીબી તપાસ પંચનું તબીબી પ્રમાણપત્ર મેળવવામાં આવનાર છે, તેને આધીન રહેશે. ગુજરાત મુલ્કી સેવા(નોકરીની સામાન્ય શરતો)

નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧મુજબ શારરીરિક યોગ્યતા અંગેનું તબીબી પ્રમાણપત્ર નિયમાનુસાર રજુ કરવાનું રહેશે. નિયત સમયમાં શારીરિક યોગ્યતા અંગેનું તબીબી પ્રમાણપત્ર રજૂ નહી કરે અથવા તબીબી તપાસમાં આ જગ્યાએ નિમણૂક માટે અનફીટ(Unfit) જાહેર થશે તો તે અજમાયશી અધિકારીની અજમાયશી સેવા સમાપ્ત કરવામાં આવશે.

(૭) આ ઉમેદવારોની અજમાયશી નિમણૂક તેઓએ ગુજરાત જાહેર સેવા આયોગને સદર જગ્યા માટે કરેલ અરજીપત્રકમાં જણાવેલ શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ, અનામત, દિવ્યાંગ ઉમેદવારો અને ધર્મ તથા અન્ય વિગતોની ખરાઈ તેમના અસલ પ્રમાણપત્રોને આધારે કરવામાં આવેલ છે. તેમ છતાં, તેઓએ સંબંધિત જિલ્લા/મ્યુનિસીપલ કોર્પોરેશનના પ્રોગ્રામ અધિકારીશ્રી/સક્ષમ સત્તાધિકારીશ્રી સમક્ષ હાજર થતી વખતે જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત અને અનૂસુચિત જાતિ/અનૂસુચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/દિવ્યાંગ/માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં તે અંગેના અસલ પ્રમાણપત્ર/પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે અને તેની ચકાસણી અને ખાત્રી થયાની શરતને આધીન આ નિમણૂક રહેશે.

જરૂર જણાયે સંબંધિત નિયંત્રણ અધિકારીઓએ આ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની જે તે યુનિવર્સિટી/સક્ષમ સત્તાધિકારી પાસે ચકાસણી કરી લેવાની રહેશે. ઉમેદવારોએ રજુ કરેલ પ્રમાણપત્રો સંપૂર્ણ હોવા અંગેના પ્રમાણપત્રો સાથે જે તે અધિકારીએ મહિલા અને બાળ વિકાસ વિભાગને મોકલવાના રહેશે. સંબંધિત નિયંત્રણ અધિકારીએ ઉમેદવાર હાજર થાય તેની તારીખ સાથેની વિગતો આ વિભાગને મોકલવાની રહેશે.

અજમાયશી અધિકારીઓના અરજીપત્રકમાંની ઉપલબ્ધ માહિતી અન્વયે સેવાપોથી તૈયાર કરી તેના પહેલા પાનાની પ્રમાણિત નકલ મહિલા અને બાળ વિકાસ વિભાગને મોકલવાની રહેશે. જો તેઓ આ નિમણૂક પામતા પહેલા સરકારી નોકરી/અર્ધસરકારી સેવામાં હોય તો, તેમના કિસ્સામાં અરજી પત્રકો સાથે ચકાસણી કરી, તેમની અગાઉની સેવાપોથીના પ્રથમ પાનાની પ્રમાણિત નકલ અત્રે મોકલી આપવાની રહેશે.

(૮) બે વર્ષના અજમાયશી ધોરણેની નિમણૂકના સમય દરમિયાન તેઓએ નિયત થયેલ તાલીમ કાર્યક્રમ મુજબ તેમજ સરકારશ્રી વખતો વખત ઠરાવે તે મુજબની તાલીમ લેવાની રહેશે અને તેવી હેસીયતથી ફરજ બજાવવાની રહેશે. તેમણે પૂર્વ સેવા તાલીમ પરીક્ષા નિયત કરેલ સમય મર્યાદામાં અને તકમાં ઉત્તિર્ણ કરવાની રહેશે. અજમાયશી/તાલીમની સમગ્ર મુદત દરમિયાન તેમને કોઇ ઇજાફો મળવાપાત્ર રહેશે નહી. અજમાયશી મુદત સંતોષકારક રીતે પૂરી થયે તેમને નિયમિત ધોરણે નિમણૂક અપાય ત્યાર બાદ જ સામાન્ય દરે ઈજાફો આપવામાં આવશે.